# ઈગો

"... ઈગો એટલે હું! એક વિરાટ અહં...
મને 'અહંકાર' શબ્દ 'ૐકાર' જેટલો જ સ-રસ લાગ્યો છે...
અહંકાર એક ગુણ છે...
તૂટેલા માણસને એક જ વસ્તુ ટકાવી રાખે છે - એનો અહમ્...
અહં બ્રહ્માસ્મિ'નો અર્થ આવો જ કંઈક થતો હશે..."

... આ અને આવું ઘણું બધું બક્ષીબાબુ બોલ્યે જતા, અસ્ખલિત.
અને આમ 'ego'નો આકાર અંકાતો જતો હતો...
ત્યાં તો 25મી માર્ચ ત્રાટકી -
અહમ્‌ના ગુણાકાર અધૂરા રહી ગયા...
હવે? કોને પૂછું કે આ હું એટલે કોણ?
કેટલો વિશાળ શબ્દ છે? કેટલી વ્યાપક અનુભૂતિ છે?
એનો માત્ર એક જ વ્યક્તિના અનુભવ સાથે તાળો મેળવી શકાય?
આ અર્થમાં આ જ પ્રશ્નો હું બક્ષીબાબુની 'દાન' થઈ રહેલી આંખોને પૂછતો રહ્યો...
પણ પ્રશ્નાર્થ એટલો વિરાટ થતો ગયો કે,
આ પૃથ્વી, તેની આસપાસનું બ્રહ્માંડ, નક્ષત્રમંડળ... બધું જ તેમાં સમાતું ગયું...
છેવટે એ બધું જ પેલા પ્રશ્નાર્થની નીચેનું ટપકું બની ગયું...
પ્રશ્નાર્થ એટલો વિરાટ થાય કે,
એના નીચેના ટપકા સિવાય બીજું કંઈ પણ ન દેખાય,
ત્યારે પ્રશ્નાર્થ અને પૂર્ણવિરામ વચ્ચે કોઈ ફેર રહે ખરો!
બક્ષીબાબુનું દેહાવસાન થયું, પરંતુ
મારી અંદર જીવતા તેમના તેજસ્વી અને તેજાબી અને તોખારી શબ્દોનું શું?
એ શબ્દોના શ્વાસ તો અકબંધ છે!
તો જીવે છે કોણ? બક્ષી કે તેમનો અહમ્?

ચંદ્રકાંત બક્ષી - એમના સાહિત્યથી માહોલ બનતો હતો...

મિજાજ પ્રગટતો હતો... મસ્તી સર્જાતી રહેતી'તી...
શબ્દની ધાર કાઢીને શબ્દની જ આરપાર નીકળી ગયા બક્ષીબાબુ.
પશ્ચિમના દેશોમાં એક ક્રૂર રમત રમાય છે.
એ છે - પતંગિયાનું આલબમ બનાવવાની રમત.
તેઓ રંગબેરંગી પતંગિયાને ચાલાકીપૂર્વક પકડી, પછી આલબમનાં પાનાં પર
તેને પિન વડે જડી દે છે. પણ આલબમનાં પાનાં પર પિન-અપ થાય છે, એ શું પતંગિયું હોય છે?
ના. પતંગિયું તો એના જીવનમાં હોય છે... એની ચંચળતામાં હોય છે.
આમથી તેમ ઊડતી તેની ગતિમાં હોય છે.
પિન સાથે જડાઈ ગયા છે તે તો ફક્ત રંગો છે, પણ તેમાંથી જીવન બાદ થઈ જતું હોય છે.
બક્ષીના સાહિત્ય વિશે પણ આવું કહી શકાય.
તેને વ્યાખ્યા કે વિવેચનમાં જકડવા મથો...
એટલે રંગ જ ઝડપાશે, પણ જીવન?
શબ્દ કદાચ હજીય પકડાય પણ શબ્દોનું સત્ય?
એ તો એમના અસંખ્ય વાચકોના હૃદયના કોક ખાનગી ખૂણે ધબકતું હશે - ધબક્યા કરશે!
એલેક્ઝાંડર સોલ્જનિત્સિને નોબેલ પારિતોષિક સ્વીકારતાં પ્રવચનમાં કહેલું :

One word of truth outweights the whole world...
આ સત્ય કયું?
વાચકો સુધી પહોંચેલું બક્ષી સાહિત્ય, સત્યની નજીક રહેલું જણાય છે.

'ઈગો'– બક્ષીબાબુની હયાતીમાં આકાર પામેલું અંતિમ પુસ્તક છે.
૧૯૫૦માં પ્રથમ ટૂંકી વાર્તા 'મકાનના ભૂત' લખી, જે જાન્યુઆરી, ૧૯૫૧માં 'કુમાર'માં પ્રકટ થઈ,
અને ૨૦૦૬માં 'ઈગો' આવી રહ્યું છે. લખવું શરૂ કર્યું ત્યારે બક્ષીબાબુની ઉંમર ૧૮ વર્ષની હતી,
'ઈગો' માટે છેલ્લું લખાણ લખ્યું ત્યારે ઉંમર હતી ૭૪. વચ્ચેથી ૫૬ વર્ષો વહી ગયા અને
આશરે સવાસો પુસ્તકો માત્ર!
'ઈગો' આ તમામ પુસ્તકોમાંથી મને વધુ ગમેલા અને બક્ષીબાબુએ અપ્રુવ કરેલા
ગદ્યખંડો, અવતરણો, ઉદ્ધરણો, વાક્યોનું સંકલન છે.

૭૪ વર્ષની છલોછલ જિંદગી સંકેલીને બક્ષીબાબુએ એક દિવસ અચાનક અલવિદા કહ્યું
ત્યારે અનાયાસ બક્ષીબાબુના શબ્દો યાદ આવે છેઃ

'...છાતીમાં દમ હશે ત્યાં સુધી લખાશે પણ હવે બે શ્વાસો વચ્ચેનું અંતર ક્રમશઃ વધી રહ્યું છે.
જે દુનિયામાં લખવાનું શરૂ કર્યું એ દુનિયાના પ્રતિદ્વંદ્વીઓ અને આતતાયીઓ ગુજરી ચૂક્યા છે.
આજે જે દુનિયામાં જીવીને લખી રહ્યો છું એ દુનિયામાં મારા માટે પ્રતિદ્વંદ્વીઓ નથી રહ્યા.
શ્રેષ્ઠ શબ્દમાં એકલા પડી જવાની ઘૂટન છે. હવે એ જ ગુજરાતી અક્ષરોના આકારો બદલાઈ ગયા છે,
એ જ ગુજરાતી શબ્દોના અર્થો બદલાઈ ગયા છે પણ સંતોષ છે કે સરસ લખ્યું છે.
દોષભાવનાનો એક છાંટો પણ ન રહે એ ઈમાનથી લખ્યું છે.
મારો શબ્દ ૫૦ કે ૭૫ કે ૧૦૦ વર્ષો પછી પણ ગુજરાતી ભાષામાં ધબકતો રહેશે,
મારા કૃતિત્વના કાર્ડિયોગ્રામની જેમ!'

વર્ષોના બહલાવની સાથે સાથે જીવનના ઉતારઉભારની રેખાઓ
પરિપ્રેક્ષ્યમાં આવીને સાફ થઈ જતી હોય છે. લેખિત શબ્દ હું ચોક્કસ માનું છું કે,
બધી જ પ્રેરિત અભિનીત કલાઓ, વાચિક શબ્દો, દશ્ય શ્રાવ્ય માધ્યમ કસબો,
યાંત્રિક તાંત્રિક સફાઈઓથી ઉપર છે અને રહેશે અને રહ્યો છે.
શબ્દ જીવ્યો છે, જીવે છે અને જીવશે,
લેખકના હાથથી લખાયેલો હોય કે લેસરથી પ્રિન્ટ થયેલો હોય એ ગૌણ છે.
શબ્દ માત્ર સમકાલનો પ્રતિનિધિ નથી, શબ્દએ સર્વકાલના પ્રહરી થવાનું હોય છે.
દરેક અર્થની પાછળ અનેક અર્થઘટન હોય છે, જે લેખકનો વિષય નથી હોતો.
બક્ષીબાબુએ જ ૧૯૮૪માં લખેલું:
'દરેક નવા વાચકની સાથે સાથે નવા લેખકનો પણ પુનર્જન્મ થતો હોય છે....'

બક્ષીબાબુ નથી... પણ એમનું યથાર્થ, એમનો અહમ્ જીવે છે. જાગે છે!
બાકી તો મધુ રાય કહે છે તેમ 'ગુજરાત અને ગુજરાતી સાહિત્યમાં
બક્ષી આવતાં 100 વર્ષ સુધી વંચાતા રહેશે...
એમના વિશે દંતકથાઓ રચાતી રહેશે કે...
બક્ષી બંને હાથે લખતા હતા...
બક્ષી શાહીના બદલે હાઇડ્રોક્લોરિક ઍસિડ વાપરતા. બક્ષી સાડા છ ફૂટ ઊંચા હતા...
વસ્તુતઃ બક્ષી પાંચ ફૂટ ચાર ઇંચ ઊંચા હતા, પરંતુ એક મુઠ્ઠી ઊંચા માનવી હતા.'

www.sanjayvaidya.in



# ઓહ કલકત્તા! આહ કલકત્તા!




**શાં**તિનિકેતનમાં ચિત્રકાર નંદલાલ બોઝે એમના શિષ્ય સત્યજિત રાયને સલાહ આપી હતી : વૃક્ષનું ચિત્ર હંમેશાં ધરતીની રેખા પરથી ચીતરવું શરૂ કરવું જોઈએ, નીચેથી ઉપર, રેખા પરથી ચીતરવું શરૂ કરવું જોઈએ, નીચેથી ઉપર કેવી રીતે પ્રકૃતિમાં વૃક્ષ ઊગે છે, વિકસે છે એ જ રીતે! પશ્ચિમમાં વૃક્ષ ઉપરથી ચીતરે છે એમ નહીં ચીતરવાનું! કંઈક અપ્રયાસ, અનાયાસ મારું કલકત્તા મારી ગુજરાતી કલમમાંથી આ રીતે જ ફાટ્યું છે. અંદરથી બહાર, આંખોમાંથી, આંગળીઓમાંથી, લોહીની ભીનાશમાંથી, ફેફસાંના ઉચ્છ્‌વાસમાંથી... મને લખતાં આવડે એવી એ એક જ રીત છે. ધુમાડાનું ને સરસિયા તેલની વાસનું હુગલી નદીના મટિયાલા પાણીનું અને ગંદકીનું કલકત્તા ક્યાં મળશે દુનિયામાં? આખિરકાર, પુરુષને પણ એક પિયર હોય છે. જ્યાં ફૂટપાથ પરનો તડકો ઓળખે છે. ગલી હસે છે, દરવાજો ખબર લે છે, દીવાલો તબિયત પૂછે છે.


જગત બે જ વસ્તુઓ આપી શકેઃ પ્રસંશા અને પૈસા! એમાંથી મને મારા મૂલ્યો મળ્યાં નથી. કલકત્તાએ પ્રસંશા અને પૈસા આપ્યાં નથી. પણ એ બંનેની મારી વ્યાખ્યાઓ આપી છે. ઘણુંબધું ગમ્યું છે, જે ન ગમવું જોઈએ. જે શિક્ષક મને મારતો હતો એ મરી ગયો ત્યારે હું ખુશ થયો હતો. બ્લાઉઝ કાઢીને મલમલની સાડીમાં શરીર લપેટેલી સ્ત્રીના ગળામાંની ચેઈન જોઈને હું ખુશ થયો હતો. સમજ્યા વિના આખો દિવસ ગીતના એક લયને ગણગણ્યા કરીને હું ખુશ થયો હતો. કલકત્તાનું બાળપણ અકારણ ખુશીનો એક ઉત્સવ હતું. મૂલ્યોનો જન્મ થયો એ પહેલાંના દિવસો હતા. જીવનના સૌથી વધારે વર્ષો મેં કલકત્તામાં ગુજાર્યા છે. મારા સારામાં સારા દિવસો, મારા ખરાબમાં ખરાબ દિવસો, જાહોજલાલી અને મુફલિસી, કુમારાવસ્થા અને જવાની, પ્રગતિ વિગતિ અધોગતિ - બધું એ શહેરમાં જોયું છે. પણ બાળપણનું, કૌમાર્યનું, યુવાવસ્થાનું, મધ્યવયસ્ક ગૃહસ્થીનું એ કલકત્તા આજે જીવતું નથી. બધું જ બદલાઈ ગયું છે. આજે એ શહેરમાં હું માત્ર એક અજનબીની જેમ જ ફરી શકું છું, માટે હું જતો નથી. એ સ્મશાનો પર મારા પૂર્વજોને દાહ અપાયા છે. આજે એ આકાશનો ડર લાગે છે, પણ કલકત્તાએ મને માણસ બનાવ્યો છે. અહીં એક વાર ફૂટપાથ પર ખોટી માળાઓ વેચી હતી, અહીં ઘણી વાર બદમાશીઓ કરી હતી, અહીં પહેલી વાર્તાઓ લખી હતી, અહીં રૂપિયા વહાવ્યા હતા, અહીં જાહોજલાલ વર્ષો ગુજાર્યા હતાં. મારી જિંદગીના પ્રથમ ૩૮ વર્ષો કલકત્તાએ તરાશ્યા છે. કલકત્તા મિજાજનું, સ્વભાવનું, ગંધોનું અને રંગોનું અને સ્વતંત્રતાનું, કલાનું અને શહાદતનું નામ હતું અને કલકત્તા એક આદતનું નામ હતું અને

મોર્ફિનનાં ઇંજેક્શન કે શરાબની ઘૂંટ કે પાઇપના કશ કે નમકીન હોઠના ખારા પસીનાદાર ચુંબન કે વેદનાની સરાબોર તપિશ કે ઘાયલ યાદસ્રાવનું નામ હતું. ઝિંદાદિલ કસકનું, દરિયાદિલની નમીનું, મારું નામ, તારું નામ, સર્વનામ. ગુજરાતી ભાષા સાથેનો મારો છાતી તૂટી જાય એવો રોમાન્સ, આશ્લેષ, આલિંગન, બાહુપાશ કલકત્તામાં શરૂ થયો. ગીધની આંખથી જોયું હતું, કુત્તાના નાકથી સૂંઘ્યું હતું, સૂવ્વરના જડબાંઓથી ખાધું હતું એ શહેર. હાડકાઓના પ્રવાહી સુધી ઉતરી ગયું છે એ શહેર. રક્ત અને રાખના સંબંધો સાચવીને ધબકે છે એ શહેર. ગલતફહમીઓનું શહેર, ખુશફહમીઓનું શહેર... ઓલ્ડ કેલ! ક્રિપ્લિંગનું ‘ચાન્સ-ડિરેક્ટેડ, ચાન્સ-ઈરેક્ટેડ.... સિટી ઓન ધ સ્ટિલ્ટ્સ...’ કલકત્તા! ઓહ કલકત્તા!

કલકત્તા પાછળ છૂટી ગયું છે, પણ હજી એના વિશે ઇમોશનલ થયા વિના લખી શકાતું નથી. હજી શાહી ભીની છે. હજી શ્વાસમાં ભેજ છે. હજી ચશ્માંના કાચ ધુમ્મસી થઈ જાય છે. હજી અવાજની કિનારી તૂટી જાય છે. હજી બોલતાં ચૂપ થઈ જવાય છે. એ શહેર એ ઉંમરને માફક આવે એવું બદમાશ હતું, અને બદમાશીની એ ઉંમરને કોઈ દોષભાવના ન હતી. મારા પૂર્વજોની મૃત્યુભૂમિ, અનુજોની જન્મભૂમિ... મારી પ્રેમભૂમિ માટે દોષ નામનો શબ્દ નથી. સુખમાં તરફડવાનું શીખ્યો હતો. દુઃખમાં રસમે-શહાદત નિભાવી હતી. ત્રીજી કોઈ જ સ્થિતિ ન હતી. મુફલિસીનું એક સામ્રાજ્ય જોયું હતું... અને એ ઐશ્વર્યનું સામ્રાજ્ય પણ જોયું હતું. મારા બધા જ જ્ઞાનતંતુઓમાં એ વર્ષો ધબકે છે. બધા જ રંગોમાં શમ્મા જલી હતી. આજે કંઈ જ નથી. કંઈ જ રહ્યું નથી. સ્વજનો, આપ્તજનો, મિત્રપત્નીઓ, મિત્રો... એક કવિદોસ્તે બંગાળીમાં ગાયું હતું : કલકત્તા! હું તને છોડું એ પહેલાં મારી આંખો બાળી નાખજે! આજે આંખો બળી નથી, આંખો ઝાંખી પડી ગઈ છે. અને ઝાંખી પડી ગયેલી આંખો ભૂતકાળને બહુ સાફ જોઈ શકે છે. વર્તમાનની પારનો માહોલ ફોકસમાં લાવી શકે છે. દિલોનું આસમાન નગર, કલકત્તા! કલકત્તા છોડવું એટલે મારે માટે શરીરનો એક ટુકડો કાપી નાખવા જેવું કામ હતું.







# યુવા એટલે?

**ક્યા**રેક અસ્પષ્ટ અને બેજવાબદાર રીતે વપરાતા શબ્દો છે : યુવાન, યુવક, યુવતી, જવાન, યુવા, યૌવન, યુવતા! યુવા એટલે શું? ખૂણામાં ઘૂસીને એક કિસ કરી લો એટલે યુવાવસ્થા? પાનવાળાની દુકાને એક સિગારેટ ખરીદીને આયનામાં જોઈને પીવા લાગો એટલે યુવાની? હું ધારું છું કે કેટલાક દમિત સેક્સગ્રંથિથી પીડિત ગુજરાતીઓની યુવતાની વ્યાખ્યા ક્રિકેટની રેડિયો કૉમેન્ટરીથી અનિલ કપૂરના ભુસ્કાથી ડ્રગની વાતોની નિર્વીર્ય બીભત્સ રમૂજો સુધી જ ફેલાયેલી હોય છે. યુવતાને સેક્સ સાથે કેટલો સંબંધ છે? અંગ્રેજીમાં એક સરસ વિધાન છે :

ચર્ચા કરતાં પહેલાં વ્યાખ્યાઓ વિશે સ્પષ્ટ થઈ જાઓ ! યુવા એટલે શું...એ કરોડ રૂપિયાનો પ્રથમ પ્રશ્ન છે. યુવાવસ્થાની વ્યાખ્યા?

કૉલેજનું છેલ્લું વર્ષ યુવતાનું પહેલું વર્ષ છે. 21, 22 કે પછી યુવતા શરૂ થાય છે. એમાં સિગારેટ દર ત્રણ સેકંડે એક  વાર ખંખેરવી પડતી નથી, રાખ એની મેળે જ પડી જાય છે. એ અવસ્થામાં મોટરસાઈકલને કિક માર્યા પછી સ્પીડોમીટર તરફ જોવાતું નથી. એ દિવસો જીવનની પ્રથમ ગંભીર ચિંતાના દિવસો છે. જે મૂર્ખ માણસો એમ સમજે છે કે જવાની એટલે 24 કલાક ઈશ્કબાજી કરવાની મૌસમ છે એ મૂર્ખ માણસો બાયોલૉજિકલી અથવા

વંશવિજ્ઞાનની દ્રષ્ટિએ વ્યવસ્થિત નપુંસક માણસો હશે. યુવાવસ્થા એ સ્થિતિ છે જ્યારે દરેક વ્યક્તિ પુરુષ કે સ્ત્રી બને છે, અને જીવનના ત્રણ અત્યંત મહત્ત્વપૂર્ણ પ્રશ્નોથી સંઘર્ષ કરે છેઃ

(1) સાથીની પસંદગી, (2) કારકિર્દીની પસંદગી, (3) ધર્મ કે વિચારધારાની પસંદગી. જવાની, મારી દ્રષ્ટિએ, માત્ર ફિલ્મી નટનટીઓના ફોટાઓ જોઈને ખુશખુશાલ થઈ જવાની સીઝન નથી. યુવાવસ્થા એક કઠિન કાલખંડ છે, કારણ કે ગુજરાતીઓ (લેખકો અને પત્રકારો પણ) કુમારાવસ્થા અને કિશોરાવસ્થાને જ યુવાવસ્થા સમજીને વર્ત્યા કરે છે. અમેરિકન સ્લેંગમાં કહું તો : ધે આર ક્રેઝી મિક્સ્ડ અપ કિડ્ઝ ! કાફ-લવ પાછળ રહી ગયો છે. સિગારેટ અને એક પૅગ વ્હીસ્કીનો ચાર્મ હવે જૂનો થઈ ગયો છે. હવે જે યુવતીને પરણવું છે, એની સાથે એક ઘર બનાવવું છે અને એ ઘર લેવા માટે જવાનીનાં પાંચ-દસ વર્ષોની કાળી મજૂરી, કાળો ઑવરટાઈમ, કાળો પસીનો બધું જ મોરગેજ મૂકી દેવું પડે છે! કારણ કે એ સ્ત્રી સાથે ચાંદનીમાં 'આઈ લવ યૂ!' કહેવાનું નથી. જવાની નવું ઘર છે, પુરુષ માટે; અને જવાની નવું ઘર, નવો વિસ્તાર, ક્યારેક નવું શહેર કે નવો દેશ છે, સ્ત્રી માટે. યુવાવસ્થા જ આ સાહસ આપે છે. 20 કલાકનો પરિશ્રમ અથવા દરિયાપાર પહેલી વાર જઈને એક અજનબી પુરુષ સાથે 20 વર્ષ જીવવાની શરૂઆત. જ્યારે હું યુવકો અને યુવતીઓનું અપરિચિતના વિશ્વમાં કૂદી પડવાનું સાહસ જોઉં છું ત્યારે માત્ર એમને સલામ કરી શકું છું. યુવાવસ્થા મર્દની મર્દાઈ અને ઔરતની સવાઈ-મર્દાઈનો વિષય છે.

સાથીની પસંદગી એ પ્રથમ યુવા ચેલેન્જ છે. કારકિર્દી કે ધંધાની પસંદગી યુવતાની બીજી ચેલેન્જ છે. મજૂરી કરતા રહેવાનું છે, સાંજના તૂટીને ઘેર જઈને ઘરનો બૅલ વગાડીને હસતા રહેવાનું છે. તરક્કી કરવાની છે. એ સ્ત્રી તમારી સાથે છે, તમારા દુઃખમાં, અને એ સ્ત્રી તમારી સાથે રહેશે તમારા સુખમાં. જો તમારામાં ખાનદાની હશે તો સ્ત્રી માટે પતિ અને સંતાનો એક તરફ, ઑફિસની બદગુમાં, બદનુમા, બદઝુમાં દુનિયા બીજી તરફ, અને એ યુવતીએ પૂરા ઘરની આધારશિલા બનીને ખડકની જેમ ઊભા રહેવાનું છે. હું  આને યુવાન સમજું છું. ત્રીજી પસંદગી છે રાજનીતિક, ધાર્મિક, આર્થિક, સામાજિક. તમે હિંદુ છો કે મુસ્લિમ, સ્વામિનારાયણ છો કે શિયા. એકાદશી કરો છો કે જુમ્માની નમાઝમાં જાઓ છો? તમે ભાજપપક્ષી છો કે કૉંગ્રેસી કે જનતાદલીય કે સામ્યવાદી?તમારું કોઈ દાયિત્વ છે તમારી અપરિણીત મામાની છોકરી માટે કે મિત્રની  વિધવા માટે કે દૂધ આપવા આવનારની સ્ત્રીની વિકલાંગ પુત્રી કે વૉચમૅનના આંધળા પિતા માટે? પશ્ચિમના સમાજશાસ્ત્રીઓ આ ત્રીજી પસંદગીને ફેઈથ અથવા શ્રદ્ધાની પસંદગી કહે છે.

બસ, આ ત્રણ પ્રશ્નો જો તમારી સામે હોય... પતિ કે પત્નીની પસંદગી, નોકરી કે ધંધાની પસંદગી, શ્રદ્ધાની પસંદગી... તો તમે મારી આંખોમાં યુવાન કે યુવતી છો. આ જ યુવતા છે. બાકી હુસ્ન, ઈશ્ક, ઉલ્ફત, મુહબ્બત, મેરી જાન... ભૂક્ખડ ફાલતુઓની દુનિયાના શબ્દો છે.

